એસ.ટી. ડેપોના સંકુલમાં સોલાર પેનલ ફીટ કરવાનો પ્રોજેકટ હાથ ધરાશે

કડી સર્વ વિદ્યાલય દ્વારા રાજ્ય કક્ષાનું વિજ્ઞાન પ્રદર્શન



ગ્લોબલ વોર્મિંગના કારણે સમગ્ર વિશ્વને સંશોધન, સાયન્સ અને ટેકનોલોજીનો ઉપયોગ કરવાની ફરજ પડી છે : શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

ગાંધીનગર, તા.૫

શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કડી સર્વ વિદ્યાલય આયોજિત રાજય કક્ષાના અદભૂત એવા વિજ્ઞાન પ્રદર્શન કમ ઓપન હાઉસનું ઉદઘાટન કરીને ૧૨૦૦ વિદ્યાર્થીઓ દ્વારા ૧૫૦ જેટલા વિવિધ મોડલ્સના પ્રદર્શન સ્ટોલની મુલાકાત લઈ દરેક મોડલની વિસ્તૃત માહિતી મેળવી હતી.

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે શિક્ષણ જગતમાં સંસ્કારો સાથેનું સુંદર શિક્ષણ કાર્ય કડી સર્વ વિદ્યાલય કરે છે. વિદ્યાર્થીઓ દ્વારા વિજ્ઞાન પ્રદર્શનમાં બાયો ટેકનોલોજી, માઈક્રો બાયોલોજી, લાઈફ સાયન્સીસ, ફિઝીકસ, કેમેસ્ટ્રી જેવા વિષયોને સાંકળી લેતા ૧૫૦ જેટલા અદભુત સ્ટોલ નિહાળીને વિદ્યાર્થીઓ દેશનું ભવિષ્ય જોઈ શકે છે અને તે દિશામાં કાર્ય કરે છે. ગ્લોબલ વોર્મિંગના કારણે સમગ્ર વિશ્વને સંશોધન, સાયન્સ અને ટેકનોલોજીનો ઉપયોગ કરવની ફરજ પડી છે. તેમણે વિદ્યાર્થીઓને સંબોધીને કહ્યું હતું કે ખરેખર વિદ્યાર્થીઓ યુવા સાહસિકો છે, વિજ્ઞાનના કાર્યોમાં આગળ વધીને આપ સૌ ભવિષ્યના ઉદ્યોગ સાહસિકો બની રોજગારી આપવાની દિશામાં આપ આગળ વધશો તેવો અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે શિક્ષણ મંત્રીના હસ્તે વિજ્ઞાન પ્રદર્શન કમ ઓપન હાઉસ પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું તેમજ વિજ્ઞાન પ્રદર્શન કિવઝ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને શિક્ષણ મંત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. કડી સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલે શિક્ષણ મંત્રીને સ્મૃતિ ચિહ્ન આપીને સન્માન કર્યું હતું.

આ વિજ્ઞાન પ્રદર્શન વિદ્યાર્થીઓ અને જાહેર જનતા માટે તા. ૬ ફેબ્રુઆરી ૨૦૧૬ સુધી ખુલ્લો રહેશે. સાયન્સ કારકિર્દી ઘડનાર વિદ્યાર્થીઓ ઉપરાંત જાહેર જનતાને આ પ્રદર્શનનો લાભ લેવા એલડીઆરપી કોલેજના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના ડીન રાજમલ જૈને અપીલ કરી છે.

આ પ્રસંગે ગુજકોસ્ટના સલાહકાર ડો. નરોત્તમ સાહુ, સંસ્થાના પ્રમુખ કનુભાઈ પટેલ સહિત વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ખૂણે ખાંચરેથી...

● વિધાનસભા ગૃહના પાછળના દરવાજા સલામતિના કારણોસર બંધ કરાયા

● દરેક કર્મચારીને પોતાનુ જ કાર્ડ સ્વીપ કરીને જ પ્રવેશ મેળવવા માટેની સૂચના આપતાં સામાન્ય વહીવટ વિભાગે જણાવ્યું છે કે દરેક બ્લોકના પ્રવેશદ્વારે હવે સી.સી. ટીવી કેમેરા મુકી દેવામાં આવ્યા છે. તેમજ બાજુના ગેટનો ઉપયોગ કરવો નહિ.

● આજે સચિવાલય સંકુલમાં કોન્ટ્રેકટ આધારિત કેટલાક કર્મચારીઓને પ્રવેશ અપાયો ન હતો. જેની ઘણી બધી અસરો કેટલાક વિભાગની કામગીરી પર પડ્યો હતો.

● ગાંધીનગર સે. ૮માં રહેતા નિવૃત્ત સંયુક્ત માહિતી નિયામકશ્રી રશ્મિનભાઈ મહેતાનું દુઃખદ અવસાન થયું છે.

● સિવિલ સર્વીસીસની ટેબલ-ટેનીસની ટીમ આજે ભોપાલ જવા રવાના થશે.

● ખેલ મહાકુંભમાં ટેબલ ટેનિસની સ્પર્ધા જિલ્લાની આજે સંપન્ન થઈ છે.

● ગાંધીનગર શહેરમાં વારંવાર બદલાતા હવામાનને પગલે વાઈરલની બિમારીના કેસોની સંખ્યામાં વધારો થયો છે.

● ગાંધીનગરના કેટલાક સર્કલો પર ફૂવારાઓ ચાલુ કરી દેવામાં આવ્યા છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના હાઉસ કીપીંગ કોન્ટ્રાક્ટરને લઈ એક નવો વિવાદ ઉભો થવા પામ્યો છે.

પેથાપુર નગરપાલિકામાં બે વોર્ડમાં એસ.ટી. ડેપોના સંકુલમાં સોલાર પેનલ ફીટ કરવાનો પ્રોજેકટ હાથ ધરાશે

૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી

આંતરિક બળવાનો ભય બન્ને પક્ષને સતાવતો હોવાથી આજે પણ યાદી જાહેર ના થઈ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર તાલુકાની પેથાપુર નગરપાલિકાની ચૂંટણીમાં બન્ને પક્ષોમાં ઉમેદવાર માટે ચાલી રહેલી આંતરિક ખેંચતાણને પગલે આજે પણ ઉમેદવારોની યાદી આખરી થઈ શકી નથી હવે ઉમેદવારી પત્ર ભરવાનો એક જ દિવસ બાકી છે.

આજે આ નગરપાલિકાની ચૂંટણી માટે ૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં ૪ પુરૂષ અને ૪ મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે. ભાજપ તરફથી આ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જો કે તેમણે પક્ષનો મેન્ડેટ રજુ કર્યો નથી.

બન્ને પક્ષોને આ ચૂંટણીમાં આંતરિક બળવાનો ભય સતાવી રહ્યો છે. આ નગરપાલિકાની ચૂંટણીમાં એક વોર્ડ ઘટ્યો છે. પરંતુ ૩ બેઠકો વધી છે. આ નગરપાલિકાની ચૂંટણીના સીધા પ્રત્યાઘાત ગાંધીનગર મહાનગર પાલિકાની આવી રહેલી ચૂંટણી પર પડવાની સંભાવનાઓને પગલે બન્ને પક્ષો સાવચેતીથી તેમની ચાલ ચાલી રહ્યા છે.

બન્ને પક્ષોએ હવે કાલે ઉમેદવારોના ઉમેદવારી પત્રો ભરાવા માટેની કમર કસી લીધી છે અને મેન્ડેટ તૈયાર કરવાની કવાયત પણ પૂર્ણ કરી લીધી હોવાનું કહેવાય છે. જો કે બન્ને પક્ષો હાલ મગનુ નામ મરી પાડવા તૈયાર નથી. જે ૮ ઉમેદવારોએ ઉમેદવારી પત્ર ભર્યા છે તેઓએ વોર્ડ નં. ૪ અને ૫માં ઉમેદવારી નોંધાવી છે. આ ઉમેદવારો આજે મેન્ડેટ રજુ કરશે તેમ જાણવા મળેલ છે.

આજે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ હોવાથી તંત્રએ પણ તેનું આગોતરૂ આયોજન કરી દીધુ છે. કાલે નાયબ કલેક્ટર (ઈવીકશન)ની કચેરીમાં પોલીસ બંદોબસ્ત રાખવાની સૂચના પણ આપી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે જેથી કોઈ વિવાદ ઉભો થાય નહિ.

હાલ ડેપોના ઘાબે પેનલ ફીટ કરી વપરાશ પુરતી રોજ ૩૫ કીલો વોટ વિજપ્રવાહ ઉત્પન્ન થાય છે

ગાંધીનગર તા ૫

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવવા માટે પુર્વ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. ડેપો સંકુલમાં વિજવપરાશને ધ્યાને લઇ બિલ્ડીંગના ધાબે સોલાર પેનલ સિસ્ટમ ફીટ કરવામાં આવી છે. જયારે હાલ ડેપોમાં થતા વિજવપરાશની પુર્તિ પણ તેમાંથી જ થાય છે. આગામી દિવસોમાં ડેપો સંકુલને સોલાર પેનલ ફીટ કરીને વધુ વિજ પ્રવાહ ઉત્પન્દ કરવા માટે પ્રોજેકટ હાથ ધરાશે.

શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવવા માટે તબક્કાવાર નતનવા કામો હાથ ધરવામાં આવે છે.એસ ટી ડેપો દ્વારા કીલોમીટર પુરી થઇ ગયેલી બસો દુર કરી નવી બસો દોડાવામાં આવી રહી છે. જયારે મુસાફરોને ઝડપી અને સમયસર બસ મળી રહે તે માટે નવતર આયોજન કરવામાં આવ્યુ છે. સરખેજ રૂટ પર ટ્રાફિકને ધ્યાને લઇ વધારાની ૧૬ ટ્રીપો શરૂ કરવામાં આવી છે. ડેપોને સુવિધાયુકત બનાવવા પ્રયાસો હાથ ધરાયા છે. જેમાં એસ ટી ડેપોને સી સી ટીવી કેમેરાથી સજજ કરવામાં આવ્યુ હતુ. જયારે ડેપો બિલ્ડીંગના ધાબે સોલાર પેનલ ફીટ કરી વીજપ્રવાહ પણ ઉત્પન્ન કરવામાં આવી રહયો છે. હાલમાં એસ ટી ડેપોમાં પ્રતિદિન ૩૫ કીલો વોટ વિજળીનો વપરાશ થઇ રહયો છે. જયારે જરૂરી વિજપ્રવાહ આ સોલાર પેનલ સિસ્ટમના આધારે ઉપલબ્ધ થઇ રહયો છે. જો કે હાલના સમયે રાત્રિના સમયે વપરાતા વીજ પ્રવાહનુ બીલ ડેપોએ અલગથી ચુકવવા પડે છે. અલબત્ત રાત્રિના સમયે પેનલ આધારિત વિજ વપરાશ થઇ શકતો નથી. ડેપો સંકુલમાં સમગ્ર વિજપુરવઠો માત્ર સોલાર પેનલ આધારિત ઉપલબ્ધ થાય તે માટે આગામી દિવસોમાં ડેપો સંકુલમાં નવી પેનલો ફિટ કરવાનો પ્રોજેકટ હાથ ધરવામાં આવશે.

આજથી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં આયુર્વેદ આયુષ સંદર્ભે દરરોજ માહિતી અપાશે

ગાંધીનગર, તા. ૫

આજના હાઈટેક યુગમાં બાળકો પ્રાચીન ભારતીય ચિકિત્સા પદ્ધતિ એવી આયુર્વેદથી અજાણ ન રહે તેવા ઉમદા આશયથી ગાંધીનગર જિલ્લાની ૬૨૭ પ્રાથમિક શાળામાં આયુર્વેદ-આયુષ વિષયક માહિતી પુસ્તિકા આપવામાં આવી છે. શાળામાં આ પુસ્તિકામાંથી પ્રાર્થના સમયે દરરોજ ક્રમાનુસાર એક-એક મુદ્દાનું વાંચન કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી કૌશિક ભીમજીયાણીના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રીમતી ભાવનાબેન પટેલ અને તેમની ટીમ દ્વારા એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં ગાંધીનગરની ૬૨૭ પ્રાથમિક શાળામાં આયુર્વેદ-આયુષ વિષયકની માહિતી પુસ્તિકા આપવામાં આવી છે. જેમાંથી નિયમિત રીતે પ્રાર્થના બાદ શાળામાં આ પુસ્તિકામાંથી એક મુદ્દાનું વાંચન કરવામાં આવશે. જેનાથી શાળામાં અભ્યાસ કરતા બાળકો તે મુદ્દાને સાંભળીને તેમના શાળા થકી થતા ઘડતરમાં આયુર્વેદના સ્વસ્થ રહેવાના સરળ નિયમો પણ વણાઈ જશે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ઈનામ વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૫

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિની ઉજવણી નિમિત્તે નિબંધલેખન અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિજેતાઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે.એસ. લિખિયા અને મુખ્ય વકતા તરીકે બી.જે. કોલેજના પ્રોફેસર ઓફ મેડિસીન ડૉ. કમલેશભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. કમલેશભાઈ દ્વારા 'આધુનિક જીવનની સમસ્યાઓ સંદર્ભે સ્વામીજીનો સંદેશ' વિષય ઉપર પ્રવચન આપવામાં આવ્યું હતું તેમજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.ના નિવૃત્ત પ્રોફેસર ડૉ. અંબાલાલ પ્રજાપતિનું યુનિ.ના કુલપતિ દ્વારા શાલ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના મહાનિયામક દિવ્યાંશુ દવે, કુલસચિવ કમલામની રાવ, ડૉ. મેહુલભાઈ વ્યાસ, શાળા કોલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો-અધ્યાપકો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. નીલેશ પંડયાએ કર્યું હતું.

ચિલોડા મોટા ખાતે હોમગાર્ડઝ યુનિટમાં ફરજ બજાવતા શ્રી અંબાલાલ આર. રાઠોડ પોતાના પરિવાર સાથે તા. ૧૭-૧૨-૨૦૧૫ના રોજ પ્રાંતિજ તાલુકાના પુનાદરા પાટીયા પાસે અકસ્માતમાં અવસાન થયું હતું. તેમના પરિવારમાં એક માત્ર મોભી તરીકે સ્વ. અંબાલાલ રાઠોડ હોવાથી પરિવાર પર દુઃખનું આભ તુટી પડ્યુ હતું. તેમના પરિવારમાં તેમની માતા ધનીબેન, પત્ની ભાવિકાબેન, પુત્રી ખુશી તથા પુત્ર નિરાધાર બનતા ચિલોડા હોમગાર્ડઝ સબ યુનિટ તરફથી રૂ. ૨૬,૧૫૧ની રકમનો ફંડ ફાળો ઉઘરાવી સ્વ. શ્રી અંબાલાલ રાઠોડની ધર્મપત્ની ભાવિકાબેનને મદદરૂપે ઓફિસર ઈન્ચાર્જશ્રી એન.જે. સોલંકી, પ્લાટુન સાર્જન્ટ બાબુભાઈ એન. જાદવ, કિરિટભાઈ કે. પરમાર સહિત હોમગાર્ડઝ જવાનોની ઉપસ્થિતિમાં આપી માનવતાની મહેંક પ્રસરાવી હતી. આ અગાઉ વીજ કરંટથી મૃત્યુ પામનાર સ્વ. વિક્રમસિંહ રઘુજી બિહોલાને મદદ દ્વારા પ્રસંશનીય કામગીરી કરી હતી. આમ ચિલોડા હોમગાર્ડઝ યુનિટના જવાનો ફરજની સાથે માનવતાભર્યો વ્યવહાર કરવામાં અગ્રેસર રહી સેવાકીય પ્રવૃત્તિ દ્વારા ધન્યવાદ પાત્ર બન્યા છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)